**પ્રધાનમંત્રીને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો ફોન આવ્યો, બંને નેતાઓએ દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા અને પશ્ચિમ એશિયા અને હોર્મુઝ સમુદ્રધુની વિશે ચર્ચા કરી**

**15 એપ્રિલ, 2026**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો ફોન આવ્યો.

2. બંને નેતાઓએ વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગમાં પ્રાપ્ત નોંધપાત્ર પ્રગતિની સમીક્ષા કરી અને તમામ ક્ષેત્રોમાં વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

3. તેમણે પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર પણ ચર્ચા કરી અને હોર્મુઝ સમુદ્રધુનીને ખુલ્લી અને સુરક્ષિત રાખવાના મહત્વ પર ભાર મૂક્યો.

4. શ્રી મોદીએ એક્સ પર લખ્યું;

"મારા મિત્ર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો કૉલ આવ્યો. અમે વિવિધ ક્ષેત્રોમાં આપણા દ્વિપક્ષીય સહયોગમાં પ્રાપ્ત થયેલ નોંધપાત્ર પ્રગતિની સમીક્ષા કરી. અમે તમામ ક્ષેત્રોમાં આપણી વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર પણ ચર્ચા કરી અને હોર્મુઝની સમુદ્રધુનીને ખુલ્લી અને સુરક્ષિત રાખવાના મહત્વ પર ભાર મૂક્યો."

**નવી દિલ્હી**

**15 એપ્રિલ, 2026**